GJVL080003732015

Presented on : 09-02-2011
Registered on : 09-02-2011
Decided on : 17-11-2018
Duration : 7 years, 9 months, 8 days

**IN THE COURT OF**
**ADDL. SR. CIVIL JUDGE & A.C.J.M. AT ,VALSAD**
**Presided Over by M.A.Makrani**

**SPCS/141/2015**

**Exhibit No.:**

Plaintiff:
OMPRAKASH RAMAJOR PANDE
Age: 32
Occupation :
Address: RO-HOUSE NO.6/A,PLOT NO.702/H/2AMARDIP CO.OP.HOUSING SOCAITY LTD,CHANODTA-PARDI DIST-VALSAD,VALSAD

VERSUS

Defendant:
KHUMANSINH HEMUBHA CHUDASMA
Age: 31
Occupation :
Address: RO-HOUSE NO.4PLOT NO.702/H/2AMARDIP CO.OP.HOUSING SOCAITY LTD,CHANODTA-PARDI DIST-VALSAD,VALSAD

---

Advocate for Plaintiff: J.G.DESAI
Advocate for Defendant: S.K.KAKKAD appearing for KHUMANSINH HEMUBHA CHUDASMA: Advocate appearing for respectively.

**Claim :**

**JUDGMENT**
**(Delivered on 17-11-2018)**

**ORDER**

રજુ તા.૦૯/૦૨/૨૦૧૧.

દા.તા.૦૯/૦૨/૨૦૧૧.

નિ.તા.૧૭/૧૧/૨૦૧૮.

અવધિ:–વર્ષ–માસ–દિવસ

–––––––––––––––––––––––––––––––––––––––––

**મ્હે.એડીશનલ સીનીયર સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.વાપી.**

–––––––––––––––––––––––––––––––––––––––––

**નવો સ્પે.દિ.મુ.નં.૧૪૧/૨૦૧૫**

**જુનો સ્પે.દિ.મુ.નં.૧૩/૨૦૧૧**

**આંક – ...........**

**વાદી :–** ઓમપ્રકાશ રામઅજોર પાંડે,

ઉ.આ.–૩૨,ધંધો–વેપાર,

રહે.રો–હાઉસ નં–૬/એ,પ્લોટ નં–૭૦૨/એચ/૨,

અમરદીપ કો.ઓ.હા.સો.લી.ચણોદ,વાપી

તા–વાપી,જી–વલસાડ,

**વિરુધ્ધ...**

**પ્રતિવાદી :–** ખુમાનસિંહ હેમુભા જાડેજા,

તે મે.કૃપેશ અર્થમુવર્સના પ્રોપરાઈટર,

ઉ.વ.૩૧,ધંધો–વેપાર,

રહેવાસી:રો–હાઉસનં–૪,પ્લોટનં–૭૦૨,

અમરદીપ કો.ઓ.હા.સો.લી,ચણોદ કોલોની,

જી.આઈ.ડી.સી.વાપી,તા–વાપી,જી–વલસાડ,

**દાવો :– રૂા. ૮,૮૯,૦૦૦/– ની વસુલાત અંગેનો ...**

–––––––––––––––––––––––––––––––––––––––

વાદી તરફે વિ.વકીલશ્રી પી.જે.દેસાઈ
પ્રતિવાદી તરફે વિ.વકીલશ્રી એસ.કે.કકકડ

–––––––––––––––––––––––––––––––––––––––

-: **ઠરાવ** :-

**૧.** વાદીએ હાલનો દાવો પ્રતિવાદી પાસેથી તેના એકાઉન્ટમાં લેણી રકમની વસુલાત માટે દાખલ કરેલો છે, અને નીચે મુજબની દાદ દાવા અરજીના પેરા-૧૦ માં માંગેલી છે.

૧. વાદીની લેણી નિકળતી રકમ રૂા.૮, ૮૯, ૦૦૦/- દાવો દાખલ થયા તારીખથી રકમ વસુલ થતા સુધી વાર્ષિક ૧૮.૦૦ % લેખે વ્યાજની રકમ સહિતની તમામ રકમ દરેક પ્ર તિવાદીની દરેક પ્રકારની સ્થાવર જંગલ મિલ્કતો તથા જાતથી વસુલ મળવાનુ હુકમનામુ કરી આપવા મે.કરશોજી.

૨. આ દાવાનું તમામ ખર્ચ પ્રતિવાદી પાસેથી અપાવવા અરજ છે.

૩. કાયદા અને હકીકતે મળી શકતી અન્ય તમામ દાદ અગર હુકમો અપાવવા અરજ છે.

**૨.** દાવાની ટુંકમાં વિગત એવી છે કે, વાદી અને પ્રતિવાદી વચ્ચે મિત્રતાના સંબંધો ચાલી આવેલા તથા પ્રતિવાદી મે.કૃપેશ અર્થ મુવર્સના નામથી વેપાર કરે છે.સને-૨૦૦૬ની સાલમાં પ્રતિવાદીએ ધંધાના વિકાસ માટે વાદી પાસેથી મિત્રતાના સંબંધે હાથઉછીની રકમ તા-૦૬/૦૬/૦૬ થી તા-૦૪/૦૯/૦૮ ના સમયગાળા દરમ્યાન રોકડે તથા ચેકથી રૂા.૭,૦૦,૦૦૦/-આપેલ.સદર રકમ અંગે પ્રતિવાદી પાસેથી હાથઉછીની રકમી માંગણી કરતા તા-૦૯/૬/૦૯ ના રોજ પ્રોમીસરી નોટ લખી આપેલ તથા સીકયુરીટી પેટે તા-૦૪/૦૯/૦૯ ના રોજનું રૂા.૨,૫૦,૦૦૦/-ના બે ચેક તથા એક ચેક રૂા.૨,૦૦,૦૦૦/- નો લખી આપેલ. પ્રતિવાદીએ સીકયુરીટી પેટે લખી આપેલા ચેકો બેંકમાં નાખવા જણાવતા, વાદીએ સદર ચેકો બેંકમાં નાખતા,સદર ચેકો અપૂરતા નાણાના કારણે પરત આવેલા.જેથી વાદીએ તેઓના વકીલ મારફતે તા. ૦૧/૦૯/૦૯ નાં રોજ નેગો.ઈન્સ્ટુમેન્ટ એકટ હેઠળ ચેકની રકમ અંગે નોટીશ આપેલી અને સદર નોટીશમાં ટાઈપીંગ મીસ્ટેક હોય સુધારા સાથે તા-૭/૯/૦૯ ના રોજ નોટીશ મોકલાવેલ,પરંતુ વાદીએ સદર રકમ ચુકવેલ ન હોય હાલનો દાવો રૂા.૭,૦૦,૦૦૦/- તથા ૧ ૮ ટકા વ્યાજના રૂા.૧,૪૯,૦૦૦/-મળી કુલ રૂા.૮,૮૯,૦૦૦/-વાર્ષિક ૧૮ ટકાના વ્યાજ સાથે વસુલ મેળવવા હાલનો દાવો દાખલ કરેલ છે.

**૩.** આ કામે પ્રતિવાદીને દાવા અરજીનો સમન્સ બજતા, વકીલ મારફતે હાજર થયેલ છે અને આંક-૧૨ થી લેખિત જવાબ રજુ કરેલ છે.સદર જવાબમાં વાદીની દાવા અરજીનો પેરાવાઈઝ ઈન્કાર કરેલ છે તેમજ વાદીને દાવો દાખલ કરવાનું કોઈ કારણ ન હોવાનું તેમજ વાદીના દાવાને કાયદાની સમયમર્યાદાનો બાદ નડતો હોવાનું જણાવેલ

છે.વધુમાં,વાદીનો દાવો ગેરકાયદેસરનો હોય, દાવો રદ કરવા રજુઆત કરેલ છે.

**૪.** ઉપરોકત હકીકતોએ આ દાવાનાં નિર્ણય માટે આંક–૧૩ થી નીચે મુજબનાં મુદ્દા ઓ ઘડવામાં આવેલા છે

(૧) શું વાદી પુરવાર કરે છે કે,વાદીએ પ્રતિવાદીને રૂા.૭,૦૦,૦૦૦/–ની રકમ હાથ ઉછીની આપેલ હતી?

(૨)શું વાદી પુરવાર કરે છે કે,પ્રતિવાદીએ કાયદેસરની બાકી રકમની સીકયુરી પેટે ત્રણ ચેક તા–૦૪/૦૯/૦૯ તથા પ્રોમીસરી નોટ તા–૦૯/૦૬/૦૯ ના રોજ વાદીને લખી આપેલ?

(૩)શું વાદી પુરવાર કરે છે કે,વાદી વ્યાજ વસુલ મેળવવા હકકદાર છે?જો હા તો કેટલું અને કયારથી?

(૪)શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે?

(૫)શું હુકમ અને હુકમનામું?

**૫.** ઉપરોકત મુદ્દાઓ અંગેના કારણો નીચે મુજબ છે.

૧. હકારમાં

૨. અંશત:હકારમાં

૩. અંશત : હકારમાં

૪. અંશત:હકારમાં

૫. આખરી હુકમ મુજબ

**૬.** ઉપરોકત મુદ્દાઓ સંદર્ભે વાદીએ નીચે મુજબનો મૌખિક પુરાવો તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલો છે.

**<u>મૌખિક પુરાવો</u>**

૧) આંક–૨૭થી વાદી રામપ્રકાશ રામઅજોર પાંડેની જુબાની.

**<u>દસ્તાવેજી પુરાવો</u>**

૧) આંક–૩૦ થી નોટીશની સ્થળપ્રત

૨) આંક–૩૧ થી એકનોલેઝમેન્ટ

૩) આંક–૩૨થી પ્રોમીસરી નોટ

૪) આંક–૩૩ થી નોટીશની સ્થળપ્રત

૫) આંક–૫૦ થી ફોજદારી કેસ નં–૨૨૫૪/૧૦ ના ચુકાદાની સર્ટી. નકલ

૬) આંક–૫૧ થી ફોજદારી કેસ નં–૪૦૧૦/૦૯ ના ચુકાદાની સર્ટી. નકલ

૭) આંક–૫૨ થી ફોજદારી કેસ નં–૯૨૯૩/૦૯ ના ચુકાદાની સર્ટી. નકલ

વાદી તરફે આંક–૪૬ થી વધુ પુરાવો રજુ ન કરવો હોય કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે તથા કલોઝીંગ પુરશીશ રજુ થયા બાદ આંક–૫૦ થી ૫૨ ના દસ્તાવેજો રજુ કરેલા છે.

**૭.** પ્રતિવાદી તરફે આંક–૫૩ ની કલોઝીંગ પુરસીસ રજુ કરી કોઈ મોખિક કે દસ્તાવેજી પુરાવો રજુ ન કરવાનું જાહેર કરેલ છે.વધુમાં,વાદી તથા પ્રતિવાદીના વકીલની મોખિક દલીલ સાંભળી.

૮. ઉપરોકત નિર્ણય માટેનાં કારણો નીચે મુજબ છે.

**<u>–:કારણો:–</u>**

૯. **<u>મુદા નં.૧ થી ૫ ની ચર્ચા</u>** :–

**(૯.૧)** વાદી તર્ફે રજુ થયેલો પુરાવો જોવામાં આવે તો,આંક–૨૭ થી વાદી ઓમપ્રકાશ રામઅજોર પાંડેનું સરતપાસનું સોગંદનામું રજુ છે. તેઓએ તેમની સરતપાસમાં દાવા અરજીને અનુરુપ જુબાની આપેલ છે. સદર સાહેદની પ્રતિવાદી તરફેની ઉલટ તપાસમાં પ્રતિવાદીને વાદીએ મિત્રતાના સંબંધે હાથઉછીની રકમ કુલ રૂા.૭,૦૦,૦૦૦/–ચુકવેલ ન હોવાનું ખંડનાત્મક પુરાવો પ્રતિવાદી રેકર્ડ પર લાવી શકેલ નથી.વાદીએ પ્ર તિવાદીને મિત્રતાના સંબંધે તા.૦૬/૦૬/૦૬ થી તા.૦૪/૦૯/૦૮ સુધીના સમયગાળા દરમ્યાન રોકડા તથા ચેકથી રૂા.૭,૦૦,૦૦૦/– હાથ ઉછીના આપેલા.વાદીએ પ્ર તિવાદીને તા.૦૯/૦૬/૦૯ ના રોજ સદર રકમ ચુકવી આપવા એક પ્રોમીસરી નોટ તથા તા.૦૪/૦૯/૦૯ ના રોજ રૂા.૨,૫૦,૦૦૦/–ના બે ચેક તથા રૂા.૨,૦૦,૦૦૦/–નો એક ચેક આપેલાનું વાદીનું કથન છે.વાદી તરફે રજુ થયેલા આંક–૩૦ થી ૩૩ તથા આંક–૫૦ થી ૫૨ ના દસ્તાવેજી પુરાવાઓમાં તા.૦૯/૦૬/૦૯ ના રોજની આંક–૩૨ ની પ્રોમીસરી નોટમાં પ્ર તિવાદીનો ફોટો તથા સહી જણાઈ આવે છે.વધુમાં,સદર પ્રોમીસરી નોટમાં પ્ર તિવાદીએ વાદીને સને–૨૦૦૬ માં થયેલ હાથઉછીના નાણાના હિસાબ પેટે રૂા.૭,૦૦,૦૦૦/– ચુકવી આપવાનું કબુલ કરેલ છે.આમ,વાદીએ પ્રતિવાદીને હાથઉછીની રકમ રૂા.૭,૦૦,૦૦૦/–હાથઉછીના આપેલાનું જણાઈ આવે છે.મુદ્દા નં–૨ ની વિગતે પ્ર

તિવાદીએ વાદીને બાકી રકમની ચુકવણી પેટે તા.૦૪/૦૯/૦૯ ના રોજ ત્રણ ચેક આપેલાનું વાદીનું કથન છે.પરંતું વાદી તરફે રજુ થયેલા આંક-૩૦ થી ૩૩ તથા આંક-૫૦ થી ૫૨ ના દસ્તાવેજી પુરાવાઓમાં સદર ચેક અંગેના કોઈ દસ્તાવેજ રજુ કરેલા નથી.જેથી તા.૦૪/૦૯/૦૯ ના બાંહેધરીપત્રક સાથે ઉપરોકત ચેક પ્રતિવાદીએ વાદીને આપેલાની હકીકત પુરવાર થયેલ નથી.પ્રતિવાદીઓ તરફે તેઓના દાવાજવાબમાં લીધેલ બચાવના સમર્થનમાં કોઈ મોખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી તથા વાદીના મોખિક અને દસ્તાવેજી પુરાવાઓનું ખંડન કરેલ નથી. પ્રતિવાદી તરફે વાદી પાસેથી હાથઉછીની રકમ મેળવેલ ન હોવાનો બચાવ દીધેલ છે.પરંતુ આંક-૩૨ વાળી પ્રોમીસરી નોટ ધ્યાને લેંતાં,સદર પ્રોમીસરી નોટમાં પ્રતિવાદીની સહી જણાય છે.પ્રતિવાદી તરફેના આંક-૬ ના વકીલાતપત્ર,આંક-૧૨ ના દાવાજવાબ ધ્યાને લેતાં,આંક-૩૨ ની પ્રોમીસરી નોટમાં પ્રતિવાદીની સહી એકસરખી હોવાનું જણાય છે.જેથી પ્રતિવાદીએ વાદીને રૂા.૭,૦૦,૦૦૦/-ની રકમ પરત ચુકવી આપવાનું કબુલ કરેલ છે.જેથી પ્રતિવાદી તરફેના વાદી પાસેથી કોઈ રકમ હાથઉછીની મેળવેલ ન હોવાનો બચાવ આથી માનવાપાત્ર નથી.વધુમાં,વાદીએ હાલના દાવા કામે પ્રતિવાદી પાસેથી રૂા.૭,૦૦,૦૦૦/- તથા ૧૮ ટકા વ્યાજના રૂા.૧,૪૯,૦૦૦/- મળી કુલ રૂા.૮,૮૯,૦૦૦/-ની રકમ ૧૮ ટકાના વ્યાજ તથા ખર્ચ સહીત વસુલ મેળવવાની દાદ માંગેલ છે.પરંતુ વાદી તરફેના રજુ થયેલા મોખિક અને દસ્તાવેજી પુરાવાઓમાં વાદી અને પ્રતિવાદી વચ્ચેના વ્યવહાર અંગે ૧૮ ટકા વ્યાજ વસુલ મેળવવા અંગેનો કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી.જેથી વાદીને પ્રતિવાદી પાસેથી રૂા.૭,૦૦,૦૦૦/-ની મુદલ રકમ ઉપર ૧૮ ટકા વ્યાજ વસુલ મેળવવા હકકદાર હોવાનું માની શકાય નહી.પરંતુ વાદીને સદર મુદલ રકમ ઉપર પ્રવર્તમાન બેંકીગ નિયમોને આધીન ૬ ટકા વ્યાજ દાવા તારીખથી ચુકવવામાં આવે તો,ન્યાયોચિત જણાય છે.

(૯.૨) આમ,ઉપરોકત ચર્ચાને ધ્યાને લેતાં,વાદી તરફેના આંક-૨૭ ના મોખિક પુરાવા તથા કામચલાઉ આંક-૩૦ થી ૩૨ તેમજ આંક-૫૦ થી ૫૨ ના દસ્તાવેજી પુરાવાઓથી આ કામના વાદીએ પ્રતિવાદીને હાથઉછીની કુલ રકમ રૂા.૭,૦૦,૦૦૦/- મિત્રતાના ધારેણે ધંધાના વિકાસ માટે આપેલી તથા પ્રતિવાદી પાસેથી સદર રકમ વસૂલ મેળવવા હકકદાર હોવનું જણાય છે.વધુમાં,આંક-૩૨ ની પ્રોમીસરી નોટથી પ્રતિવાદીએ વાદીને સદર રકમ ચુકવી આપવાની કબુલાત આપેલ છે તથા વાદી પાસેથી સદર રકમ તેઓએ હાથઉછીની મેળવેલ હોવાનું કબુલ

કરેલ છે. જેથી વાદી પ્રતિવાદી પાસેથી રૂા.૭,૦૦,૦૦૦/-ની રકમ પ્રવર્તમાન બેંકીગ નિયમો અનુંસાર ૬ ટકા વ્યાજસહીત દાવા દાખલ તારીખથી વસૂલ મેળવવા હકકદાર હોવાનું પુરવાર કરેલ છે.જેથી **મુદદા નં ૧** નો જવાબ **હકારમાં,**તથા **મુદદા નં.૨,૩ અને ૪** નો જવાબ **અંશત:હકારમાં** આપી, તથા **મુદદા નં ૫** અંગે નીચે મુજબનો **આખરી નિર્ણય** કરવામાં આવે છે.

## -::: આખરી હુકમ :::-

૧. વાદીનો દાવો અંશત: મંજુર કરવામાં આવે છે.

૨. પ્રતિવાદીએ વાદીને હાથઉછીની રકમ પેટેના રુા.૭,૦૦,૦૦૦/- બાકી લેણા (અંકે રૂપીયા છ લાખ પાંસઠ હજાર પુરા) દાવા તારીખના રોજથી આ રકમ વસુલ થતાં સુધી, વાર્ષિક ૬ % ના સાદા વ્યાજ સહિત પોતાની જાત તથા દરેક પ્રકારની મિલકતથી વાદીને ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

૩. પ્રતિવાદીએ આ દાવાનો વાદીને થયેલ ખર્ચ ચુકવી આપવો.

૪. હુકમ મુજબ હુકમનામુ દોરવું.

હુકમ આજ રોજ તા. **૧૭**મી માહે **નવેમ્બર સને-૨૦૧૮** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૭/૧૧/૨૦૧૮.
વાપી.

( મોહંમદ ઈરફાન એહમદ હુસેન મકરાણી.)
એડીશ્નલ સીનીયર સીવીલ જજ,
વાપી.
UIC NO.GJ 01007

Date : 17-11-2018

(**M.A.Makrani**)
**ADDL. SR. CIVIL JUDGE & A.C.J.M.**
,VALSAD

Dictated on :
Transcribed on :
checked on :

Signed on :

(**M.A.Makrani**)
{**JUDGE_DESIGNATION_NAME**}
,VALSAD

Visit **ecourts.gov.in** for updates or download mobile app “**eCourts Services**” from Android or iOS